Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-5, Continuous Issue-35, January - February 2026

# સોનેરી ઝાંયવાળી માછલી વાર્તામાં પ્રયુક્તિઓનો વિનિયોગ

-ડૉ. હાર્દિક પ્રજાપતિ

વાર્તાકાર રેના સુથાર દ્વારા લિખિત 'સોનેરી ઝાંયવાળી માછલી' જે મમતા સામયિક (ટીનેજ વિશેષાંક, એપ્રિલ-૨૦૨૨)માં સ્થાન આપી હતી અને ત્યાર બાદ વર્ષ ૨૦૨૩માં આ જ શીર્ષકથી બાર વાર્તાઓનો સંગ્રહ પ્રકાશિત થાય છે. આ સંગ્રહને વર્ષ ૨૦૨૩નું ત્રિપદા ફાઉન્ડેશન અને અસાઈત સાહિત્ય સભાનું પારિતોષિક પ્રાપ્ત થયેલ છે. આ શીર્ષક વાર્તા એક અત્યંત સંવેદનશીલ અને મનોવૈજ્ઞાનિક ઊંડાણ ધરાવતી વાર્તા છે. કૌટુંબિક હિંસા, યુવાવસ્થાની એકલતા, ડ્રગ્સનો રવાડો અને આત્મહત્યા જેવા ગંભીર અને અસ્તિત્વવાદી પ્રશ્નોને લેખિકાએ પ્રસ્તુત વાર્તામાં આલેખ્યા છે. અહીં આ વાર્તામાં પ્રયોજાયેલી વિવિધ કથા-પ્રયુક્તિઓને ઉજાગર કરવાનો ઉપક્રમ છે.

'સોનેરી ઝાંયવાળી માછલી' વાર્તાનું કથાવસ્તુ જોઈએ તો આ વાર્તામાં એક પાલતુ માછલીના દૃષ્ટિકોણથી આલેખાયેલી એકલતા, હતાશા અને જીવનના સંઘર્ષની અત્યંત સંવેદનશીલ કથા છે. વાર્તાની મુખ્ય પાત્ર ‘મિશા’ છે જે ટીનેજર છે, જેણે બાળપણમાં પિતાના અત્યાચાર અને માતાના મૃત્યુનો આઘાત સહન કર્યો છે. નવી માતાના આવવા છતાં તેને ઘરમાં પ્રેમ મળતો નથી. તેનો જોળિયો ભાઈ ‘રૉની’ મેડિકલના અભ્યાસમાં એટલો ડૂબેલો છે કે તે બહેનથી સાવ અલિપ્ત થઈ ગયો છે. સાચા પ્રેમના અભાવે અને જીવનની દિશા ભટકવાથી મિશા ડ્રગ્સ અને બ્લેકમેલિંગના ચક્કરમાં ફસાઈ જાય છે. તમામ રસ્તાઓ બંધ જણાતા અને જેલ કે બદનામીના ડરથી, તે હતાશ થઈને ‘સ્યુસાઇડ નોટ’ લખીને ઊંઘની ગોળીઓથી આત્મહત્યા કરવાનો નિર્ણય લે છે. પરંતુ તેની પાલતુ સોનેરી માછલી તેને મરતાં અટકાવવા માટે પોતાનો કાચનો બાઉલ પાડીને પોતાનો જીવ જોખમમાં મૂકે છે. મિશા તરત જ માછલીને બચાવીને પાણીના જગમાં મૂકે છે. ત્યારબાદ, છેલ્લી વાર પોતાના ભાઈ રૉનીને મળવા તેના રૂમમાં જાય છે. ત્યાં જઈને તે કોઈ એવું આઘાતજનક દૃશ્ય જુએ છે, રૉની પણ આત્મહત્યાનો પ્રયાસ કરી રહ્યો હોય છે. જેનાથી તેના હાથમાંથી ગોળીઓ છૂટી જાય છે. મિશા મરણિયા પ્રયાસે પોતાના ભાઈને બચાવી લે છે. અંતે, બંને ભાઈ-બહેન વચ્ચેના અબોલા અને ફરિયાદો ઓગળી જાય છે અને માછલીના એક નાનકડા પ્રયાસથી મિશાને નવું જીવન તેમજ ભાઈનો સાથ મળી જાય છે.

હવે વાર્તામાં વિનિયોગ પામેલી પ્રયુક્તિઓનો વિગતવાર જોઈએ :

ફેબલ કન્સ્ટ્રક્શન પ્રયુક્તિ :

આ વાર્તાની સૌથી નોંધપાત્ર અને કેન્દ્રીય પ્રયુક્તિ 'Fable Construction' (પ્રાણીકથા કે દૃષ્ટાંતકથા પ્રયુક્તિ) છે. સામાન્ય રીતે ફેબલ પ્રયુક્તિમાં પ્રાણી કે પક્ષીને માનવીય વાચા, સંવેદના અને વિચારશક્તિ આપીને કથાનું નિર્માણ કરવામાં આવે છે. આ વાર્તામાં એક પાલતુ માછલી (સોનેરી ઝાંયવાળી માછલી) કથાના કેન્દ્રમાં છે, જે માત્ર મૂક પ્રેક્ષક નથી પરંતુ માનવ-મનોવિજ્ઞાનની ઊંડી જાણકાર અને સંવેદનશીલ કથક છે.

માછલીની સંવેદનશીલતા અને અકળામણ વાર્તામાં આ રીતે વ્યક્ત થાય છે:

"તમે જ્યારે હાજર નથી હોતાં ત્યારે થોડી થોડીવારે મોટા બાઉલના કાચની ધારોને અથડાઈને થાકીને એક તળિયે જઈને સ્થિર થઈ જાઉં છું. તમને હવે મારી બહુ ચિંતા થવા લાગી છે. ક્યાંક હું પણ બીજી માછલીઓની જેમ જ મરી જઈશ તો ?" (પૃષ્ઠ 38)

માત્ર નિરીક્ષણ જ નહીં, આ પ્રયુક્તિ કથાનો અંત સર્જવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. જ્યારે નાયિકા મિશા આત્મહત્યા કરવા જાય છે, ત્યારે આ જ માછલી સક્રિય હસ્તક્ષેપ કરે છે:

"મેં તમારું ધ્યાનભંગ કરવા પ્રયત્ન શરૂ કર્યો. બાઉલમાં હું સળવળી. મેં બાઉલમાં તોફાન મચાવ્યું... પાતળા કાચનો બાઉલ મારું તોફાન સહન ન કરી શક્યો. એ ટેબલ પરથી નીચે પડ્યો." (પૃષ્ઠ 43)

લેખિકાએ માછલીના પાત્ર દ્વારા મિશાની એકલતાનું પ્રતિબિંબ રચ્યું છે.

કપોલકલ્પન પ્રયુક્તિ :

કપોલકલ્પનનો ઉપયોગ વાર્તામાં વાસ્તવિકતાની સઘનતા વધારવા માટે થયો છે. એક માછલી માનવ-મનોવિજ્ઞાન, પરિવારના સંબંધો, ડ્રગ્સની જાળ અને આત્મહત્યાના વિચારોને સમજે છે, તે એક ફેન્ટસી છે.

માછલી મિશાના જીવનના ખાલીપાને પોતાના પાત્ર સાથે સરખાવે છે. માછલીનું માનવીકરણ એટલી હદે થયું છે કે તે માનવ અસ્તિત્વ અને મૃત્યુ વિશે ફિલસૂફી પણ રજૂ કરે છે.

"જોકે માણસ હોવાના ગેરફાયદા ઘણાં છે. એકલતા સિવાય મને કદાચ ખાસ કોઈ બીજી તકલીફ નથી." (પૃષ્ઠ 40)

વાર્તાના અંતમાં માછલી મિશાને આત્મહત્યા કરતા રોકવા કાચના બાઉલમાં તોફાન મચાવીને બાઉલ તોડી નાખે છે. જે 'ફેન્ટસી'ની ચરમસીમા છે.

"મેં તમારું ધ્યાનભંગ કરવા પ્રયત્ન શરૂ કર્યો. બાઉલમાં હું સળવળી. મેં બાઉલમાં તોફાન મચાવ્યું. બાઉલની કાચની ધારોને ટકરાઈને અવાજ કરતી હું ખૂબ જ સ્પીડથી ગોળગોળ ફરવા લાગી." (પૃષ્ઠ 43)

દ્વિતીય પુરુષ કથનકેન્દ્ર પ્રયુક્તિ :

વાર્તા માછલીના દૃષ્ટિકોણથી કહેવાઈ છે, પરંતુ તે નાયિકા મિશાને 'તમે' કહીને સંબોધે છે. ગુજરાતી ટૂંકીવાર્તામાં દ્વિતીય પુરુષ કથનકેન્દ્રનો પ્રયોગ જવલ્લે જ જોવા મળે છે. આ પ્રયુક્તિ વાચક અને પાત્ર વચ્ચે એક પ્રકારની આત્મીયતા અને સાથે જ એક પ્રકારનું અંતર ઊભું કરે છે.

"મિશા, પાછલી ચાર રાતથી તમે સૂતા નથી. તમે સૂઈ નથી શકતાં કે પછી તમે સૂવા નથી માંગતા એ તમને જ ખબર નથી." (પૃષ્ઠ 38)

આ પ્રયુક્તિ દ્વારા માછલી મિશાના આંતરમનનો અરીસો બની જાય છે. મિશા જે બાબતો સ્વીકારતા ડરે છે, તે માછલી તેને સ્પષ્ટ શબ્દોમાં કહી બતાવે છે:

"પણ મને એમ લાગ્યું કે, તમે ખરેખર મરવા નથી માંગતાં. તમારે જીવવું છે અને નથી પણ જીવવું. તમે આ ભયંકર માનસિક યાતનામાંથી પસાર થઈ રહ્યા છો." (પૃષ્ઠ 39)

પીઠઝબકાર પ્રયુક્તિ :

વર્તમાન સમયમાં ચાલતી કથામાં અતીતની ઘટનાઓને વણી લેવા માટે લેખિકાએ 'ફ્લેશબેક' પ્રયુક્તિનો સચોટ ઉપયોગ કર્યો છે. મિશા અને તેના ભાઈ રૉનીના બાળપણનો ટ્રોમા અને તેમના માતાપિતા વચ્ચેના હિંસક સંબંધો વાર્તામાં ધીમે ધીમે ખૂલે છે, જે તેમના વર્તમાન વર્તનનું કારણ સ્પષ્ટ કરે છે:

"તમે નાનપણથી તે બન્નેને સતત ઝઘડતાં જ જોયા છે. તમારા પપ્પાનો ગુસ્સો, રાત્રે ડ્રિંક કરીને આવવું, બ્રાઉન અણીદાર શૂઝનો ઘા, બ્રાઉન કલરનો બેલ્ટ, મમ્મીનો બરડો, લાંબા વાળ દોરડું બનીને રૂમમાં ખેંચાતાં..." (પૃષ્ઠ 40)

આ ઉપરાંત મિશાનું ડ્રગ્સના રવાડે ચઢવું અને હરપ્રીત સાથેનો પ્રસંગ પણ સ્મૃતિકથા રૂપે આલેખાયા છે, જે વાર્તાના પ્લોટને મજબૂત બનાવે છે.

પ્રતીકાત્મક અને કલ્પન પ્રયુક્તિ :

વાર્તાનું શીર્ષક અને તેમાં આવતાં વિવિધ તત્ત્વો ઊંડા પ્રતીકાત્મક અર્થો ધરાવે છે :

એક્વેરિયમ (માછલીઘર) જે બંધિયાર જિંદગી, એકલતા અને આભાસી દુનિયાનું પ્રતીક છે.

"જે દિવસે તમે કૉલેજમાં પ્રથમવાર પગ મૂક્યો, કૉલેજ તમને આ એક્વેરિયમ જેવી લાગતી." (પૃષ્ઠ 41)

કાચનો બાઉલ તૂટવો તે મિશાની હતાશા અને મૃત્યુ તરફની ગતિના તૂટવાનું પ્રતીક છે. બાઉલ તૂટતાં માછલી તરફડે છે અને મિશામાં જીવ બચાવવાની પ્રવૃત્તિ જાગે છે, જે તેને અંતે રૉનીનો જીવ બચાવવા તરફ દોરી જાય છે.

વાર્તાના અંતમાં આવતી સોનેરી ઝાંય એ માત્ર સૂર્યપ્રકાશ નથી, પણ આશા, નવજીવન અને હકારાત્મકતાનું પ્રતીક છે.

"બારીમાંથી પ્રવેશતાં સૂર્યનાં કિરણો કાચના જગનાં પાણીમાંથી પરાવર્તિત થઈને આખા રૂમમાં સોનેરી ઝાંય પાથરી રહ્યાં હતાં." (પૃષ્ઠ 44)

વાર્તામાં થોડા અંશે ‘સહોપસ્થિતિ’ પ્રયુક્તિનો પણ વિનિયોગ જોવા મળે છે, મિશા અને રૉની બંનેની એકલતા સમાંતરે ચાલે છે. મિશાની આત્મહત્યાની તૈયારી વખતે જ રૉનીના રૂમમાંથી આવતો અવાજ અને લાઈટ વાચકના મનમાં કુતૂહલ સર્જે છે. કથાના અંતે ખબર પડે છે કે માત્ર મિશા જ નહીં, રૉની પણ આત્મહત્યા કરવા જઈ રહ્યો હતો અને મિશા તેને બચાવી લે છે.

"જે ત્વરાથી તમે મને ઉઠાવી હતી, બચાવી લીધી હતી, એ જ ત્વરાથી તમે વધુ એક જિંદગી બચાવવા મરણિયા બન્યાં. મિશા, આ વખતે તમે સફળ થયાં." (પૃષ્ઠ 44)

રેના સુથારની વાર્તા 'સોનેરી ઝાંયવાળી માછલી'નું અવલોકન કરતાં સર્જકની એકાદ-બે મર્યાદા વર્તાય છે :

એક ટૂંકીવાર્તામાં સર્જકે અનેક ગંભીર સમસ્યાઓને એકસાથે ‘ઠાંસીઠાંસી’ને ભરી દીધી છે. કૌટુંબિક હિંસા, પિતાનો દારૂ પીને માર મારવો, સાવકી મા, કૉલેજમાં ડ્રગ્સનું વ્યસન, બ્લેકમેલિંગ, હરપ્રીત સાથેનો પ્રેમ-પ્રસંગ અને તેનો રૉની પર પ્રભાવ, અને છેલ્લે ભાઈ-બહેન બંનેનો એક જ રાત્રે આત્મહત્યાનો પ્રયાસ. આટલાં બધાં જટિલ પરિમાણોને કારણે કોઈ એકલ મનોભાવનો ઊંડાણપૂર્વક વિકાસ થઈ શકતો નથી અને વાર્તા અતિ-નાટકીય બની જાય છે. વાર્તાનો અંત અત્યંત ઝડપી અને ચમત્કારિક રીતે સુખદ બની જાય છે. માછલીનું તોફાન કરવું, બાઉલનું તૂટવું, મિશાનું રૉનીના રૂમમાં જવું અને અચાનક જ દવાઓ ઢોળાઈ જવી – આ બધું ફિલ્મી શૈલીના 'હેપ્પી એન્ડિંગ' જેવું લાગે છે.

'સોનેરી ઝાંયવાળી માછલી' વાર્તા માનવ-મનોવિજ્ઞાન, કિશોરાવસ્થાની સંવેદનાઓ અને અસ્તિત્વના સંઘર્ષનું એક સચોટ શબ્દચિત્ર બની રહે છે. લેખિકાએ વાર્તાના કથાવસ્તુને ન્યાય આપવા માટે વિવિધ કથા-પ્રયુક્તિઓનો સભાનપણે વિનિયોગ કર્યો છે. ‘ફેબલ કન્સ્ટ્રક્શન’ અને ‘કપોલકલ્પન’ના માધ્યમથી એક મૂક માછલીને સંવેદનશીલ કથક બનાવવાનો પ્રયોગ અહી નોંધપાત્ર રહ્યો છે; સાથે જ, દ્વિતીય પુરુષ કથનકેન્દ્ર વાચક અને પાત્ર વચ્ચે એક અનોખી આત્મીયતા ઊભી કરે છે. વાર્તામાં પ્રયોજાયેલા

માછલીઘર, તૂટતો કાચનો બાઉલ અને સોનેરી ઝાંય જેવાં પ્રતીકો નાયિકાની હતાશાથી લઈને આશા તરફની સફરને અત્યંત માર્મિક રીતે વર્ણવે છે. આ ઉપરાંત, કૌટુંબિક હિંસા, ડ્રગ્સ અને આત્મહત્યા જેવા ગંભીર વિષયોને ફ્લેશબેક (પીઠઝબકાર) અને સહોપસ્થિતિ પ્રયુક્તિ દ્વારા વણી લેવાયાં છે.

આમ, કથા-પ્રયુક્તિઓના પ્રયોગની દૃષ્ટિએ આ વાર્તા ગુજરાતી સાહિત્યમાં એક ધ્યાનપાત્ર પ્રયાસ બની રહે છે. સર્જનાત્મક મર્યાદાઓ હોવા છતાં, વાર્તાનો અંતિમ ઉદ્દેશ્ય અને અંધકારમાંથી પ્રકાશ તરફની ગતિનો સંદેશ વાચકોના મન પર હકારાત્મક છાપ છોડવામાં સફળ રહે છે.

(સોનેરી ઝાંયવાળી માછલી, લે. રેના સુથાર, અમોલ પ્રકાશન, અમદાવાદ. પ્રથમ આવૃત્તિ. ૨૦૨૩)


સંદર્ભગ્રંથ :

રચનારીતિ : સંજ્ઞા અને સમ્પ્રત્યય, ભરત પંડયા, પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ, ૨૦૧૦.


---


ડૉ. હાર્દિક પ્રજાપતિ

(MA,UGC-NET,GSET,PGDSC,COPA,SI,Ph.D.)

મુ. સબોસણ, તા.જિ. પાટણ.

hardikkumar672@gmail.com